॥ શ્રીવલ્લભો વિજયતે ॥

સિદ્ધાંત મુક્તાવલી

(ભાગ-૨)

● લેખક ●

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

● અંગ્રેજી અનુવાદ ●

શ્રી મહેશભાઈ શાહ, વડોદરા

● પ્રકાશક ●

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Sidhdhant Muktavali - Part II
by **Prof. Rameshbhai V. Parikh**

English Translation by **Maheshbhai Shah**
Jay Shri Krishna Marriage Bureau, Vadodara
(M) 94263 46364, 0265-2330083
email : info.megaserv@gmail.com

© કૉપીરાઈટ - શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

પ્રાપ્તિસ્થાન :

- **શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ** (રૂબરૂ અને પોસ્ટથી)
  ૩૨, શિવ સોસાયટી વિભાગ - ૨, બી. કે. સિનેમાની બાજુમાં,
  મહેસાણા-૩૮૪ ૦૦૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦
  Email : shpct@hotmail.com
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ** (ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
  ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર-૨૦૧૫

પુસ્તક પ્રકાશન સહાય : રૂા. ૨૦/-

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા

સિદ્ધાંત મુક્તાવલી

શ્લોક - ૧૧

કામચારસ્તુ લોકેડસ્મિન્,બ્રહ્માદિભ્યો ન ચાન્યથા ।
પરમાનંદરૂપે તુ, કૃષ્ણે સ્વાત્મનિ નિશ્ચયઃ ॥૧૧॥

શબ્દાર્થ :

કામચારઃ = ઉપાસકોની ઈચ્છા મુજબનો ભોગ, **તુ** = તો, **લોકે** = જગતમાં, **અસ્મિન્** = આ, **બ્રહ્માદિભ્યઃ** = બ્રહ્માજી વગેરેથી, **ન** = નથી, **અન્યથા** = બીજી કોઈ રીતથી, **પરમાનંદરૂપે**= પરમાનંદ સ્વરૂપ, **તુ** = તો, **કૃષ્ણે** = શ્રીકૃષ્ણમાં, **સ્વાત્મનિ** = પોતાના આત્મા માટે, **નિશ્ચય** = નક્કી સિદ્ધ થાય છે.

શ્લોકાર્થ :

આ જગતમાં ઉપાસકોની ઈચ્છા પ્રમાણે ભોગ તો બ્રહ્મા વગેરે દેવોથી મળે જ છે. બીજી કોઈ રીતથી મળતો નથી. ભક્તોને તેમના આત્મા માટે પરમાનંદનું દાન શ્રીકૃષ્ણથી ચોક્કસ મળે છે. (૧૧)

સમજૂતિ :

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે દેવોની ઉપાસના કરનાર ઉપાસકોની ઈચ્છા તે દેવો પૂરી કરે છે. તેમણે ઈચ્છેલી વસ્તુની પ્રાપ્તિ કરાવે છે. જો કે આ દેવોમાં ભગવાન રહેલા હોઈ, આ દેવો ભગવાનની પ્રેરણા પ્રમાણે જ જે તે જીવને ઈચ્છેલું લૌકિક ફળ આપે છે.

ગીતાજીમાં ભગવાન કહે છે કે યજ્ઞ દ્વારા દેવતાને પ્રસન્ન કરવાથી પ્રસન્ન થયેલા દેવ ઈચ્છિત ભોગ આપે છે. આવા ઉપાસકો જે દેવની ઉપાસના કરે છે તેમના દેવલોકને પ્રાપ્ત થાય છે. આ દેવો લૌકિક ફળથી વધુ કાંઈ આપી શકતા નથી. પુરાણોમાં મુચુકુંદ રાજાનો પ્રસંગ છે. મુચુકુંદ રાજા ઉપર સ્વર્ગના દેવો પ્રસન્ન થયા. મુચુકુંદ રાજાએ મોક્ષ માગ્યો. ત્યારે તે દેવોએ કહ્યું કે મોક્ષ આપવાની અમારી શક્તિ નથી. આ પરથી ફલિત થાય છે કે મોક્ષ અને સ્વરૂપાનંદની પ્રાપ્તિ જેવાં અલૌકિક ફળ આ દેવો આપી શકતા નથી.

આથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમારી આત્મકામના કોઈ દેવ સિદ્ધ કરી શકશે નહિ. આત્મકામના એટલે પરમાનંદની પ્રાપ્તિ. પરમાનંદરૂપ પુરુષોત્તમ એટલે શ્રીકૃષ્ણ જ પરમાનંદનું દાન કરી શકે. માટે પરમાનંદપ્રાપ્તિની કામનાવાળાએ ભગવાન શ્રીકૃષ્ણમાં અનન્ય મન રાખી, અનન્ય ભાવથી તેમની જ સેવા કરવી જરૂરી છે.

ભગવાન જે જીવને પોતાના ભજનાનંદનું દાન કરવાનો સંકલ્પ કરે છે તેને જ એ મળે છે. પુષ્ટિમાર્ગીય ભક્તોએ આ વાત સમજી લેવાની જરૂર છે. તેઓ નિત્યલીલાના જીવો છે. ભગવાન તેમના ઉપર કૃપા કરી, તેમને ભજનાનંદનું દાન કરવા તત્પર થયા છે. તે માટે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય છે.

પુષ્ટિભક્તોએ દઢ નિશ્ચય કરી લેવાની જરૂર છે કે અમારું સાધન અને ફળ ભગવાન કૃષ્ણ વિના બીજું કોઈ નથી. શ્રીકૃષ્ણ અનન્ય છે. એ અનન્ય પ્રભુ અમારા અંતઃકરણમાં સદા બિરાજે અને અમને સ્વરૂપાનંદનું દાન કરે, એ સિવાય પુષ્ટિજીવની બીજી કોઈ કામના હોઈ શકે નહિ અને હોવી જોઈએ પણ નહિ. પુષ્ટિજીવ ભગવદ્ સુખના જે જે મનોરથ કરે છે તે ભગવાન અવશ્ય પરિપૂર્ણ કરે છે.

આમ શ્રીમહાપ્રભુજીએ પ્રથમ શ્લોકમાં શ્રીકૃષ્ણસેવા કરવાની આજ્ઞા કરી તેનું કારણ આપણને આ ૧૧ શ્લોકમાં સમજાવ્યું. આપણે તેને ફરીથી ટૂંકમાં સમજી લઈએ.

અખિલ બ્રહ્માંડના નાયક પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ જ છે. તેમનામાંથી અક્ષરબ્રહ્મ પ્રગટ થયું. અક્ષરબ્રહ્મમાંથી જગત પ્રગટ થયું. જગતના જડ ચેતન પદાર્થો અક્ષરબ્રહ્મમાંથી પ્રગટ થયા. જગતનું સર્જન, પાલન અને પ્રલયની જવાબદારી બજાવવા ભગવાને પોતાના અંશરૂપ ત્રણ દેવોને પ્રગટ કરી તેમને તે કાર્ય સોંપ્યું છે. જે લોકો આ દેવોની ઉપાસના કરે છે તેમને તે દેવો લૌકિક ફળ આપે છે. જે પુષ્ટિજીવો અનન્ય ભાવથી શ્રીકૃષ્ણનો આશ્રય કરી, તેમની સેવા કરે છે, તેમને પરમાનંદ સ્વરૂપ શ્રીકૃષ્ણ પોતાના પરમાનંદ રૂપી સર્વોચ્ચ ફળનું દાન કરે છે. માટે શ્રીમહાપ્રભુજીએ પ્રથમ શ્લોકમાં આજ્ઞા કરી કે 'કૃષ્ણસેવા સદા કાર્યા.'

શ્લોક : ૧૨

અતસ્તુ બ્રહ્મવાદેન, કૃષ્ણે બુદ્ધિર્વિધીયતામ્ ।
આત્મનિ બ્રહ્મરૂપે હિ, છિદ્રા વ્યોમ્નીવ ચેતના : ॥૧૨॥

શબ્દાર્થ :

અતઃ=તેથી, **તુ**=તો, **બ્રહ્મવાદેન**=બધું જ બ્રહ્મ છે એમ સમજીને, **કૃષ્ણે**=કૃષ્ણમાં, **બુદ્ધિઃ**=બુદ્ધિ, **વિધીયતામ્** =સારી રીતે રાખવી, **આત્મનિ**=આત્મામાં, **બ્રહ્મરૂપે**=બ્રહ્મના અંશરૂપે, **હિ**=જ, **છિદ્રા**=છિદ્રો, **વ્યોમ્નિ** = આકાશમાં, **ઈવ**=તેમ, **ચેતના**=બુદ્ધિ.

શ્લોકાર્થ :

તેથી તો બધું જ બ્રહ્મ છે એમ સમજીને કૃષ્ણમાં બુદ્ધિ સારી રીતે દઢ રાખવી. જેમ ચાળણીમાંથી આકાશને જોતાં, ચાળણીનાં છિદ્રોને લઈને

આકાશ અનેક નાના ટુકડાઓવાળું દેખાય છે, તેમ જીવ બ્રહ્મનો અંશ છે, તેમ ન જાણવાથી બ્રહ્મરૂપ જગતમાં અનેક દોષો જુએ છે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી વિરચિત ષોડશગ્રંથો અંતર્ગત ત્રીજો ગ્રંથ 'સિદ્ધાંતમુક્તાવલિ' આપણે સમજી રહ્યાં છીએ. આ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગનો સેવાનો સિદ્ધાંત સુંદર રીતે સમજાવ્યો છે. અગાઉના અગિયાર શ્લોકોમાં સમજાવ્યું કે જેમ વૃક્ષના મૂળને પાણી પાવાથી આખું વૃક્ષ લીલુંછમ રહે છે, તેમ સર્વના મૂળ એવા ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવાથી તેમાં સર્વની સેવા સમાઈ જાય છે. સર્વશક્તિમાન ભગવાન આવા ભક્તની સર્વ કામનાઓ પૂર્ણ કરે છે. માટે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ મૂળ એવા કૃષ્ણને છોડી ડાળીઓ એવા અન્યનું સેવન ન કરવું જોઈએ. પરબ્રહ્મ કૃષ્ણ જ અક્ષરબ્રહ્મમાં અને જગતમાં રહેલા છે. તેથી તેમનામાં દૃઢ બુદ્ધિ રાખી, તેમનો જ દૃઢ આશ્રય રાખવો જોઈએ.

આ પ્રમાણે બ્રહ્મ, અક્ષરબ્રહ્મ અને જગતનું સ્વરૂપ સમજાવી હવે શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં જીવાત્માનું સ્વરૂપ સમજાવે છે.

જીવ અણુરૂપ છે. તેમાં પરમાત્માનો ચિદ્ અંશ મુખ્ય છે. તે અક્ષરબ્રહ્મમાંથી છૂટો પડ્યો છે. અગ્નિમાંથી તણખા છૂટા પડે તેમ જીવ અક્ષરબ્રહ્મમાંથી પ્રગટ થયો છે. તણખો સહેજ ઝબકી કોલસાની કણી બની જાય તેમ જીવ પરમાત્માનો આનંદ અંશ લુપ્ત થતાં અવિદ્યાના-અજ્ઞાનના અંધકારમાં અટવાઈ ગયો છે. તેને લઈને તેને ભવસાગરનું બંધન થયું છે. અવિદ્યાને કારણે તે એવું માની બેઠો છે કે આ શરીર, ઈન્દ્રિયો, પ્રાણ અને અંતઃકરણ જ સાચો આત્મા છે. માટે એમના માટે જીવવાનું છે. આવા અજ્ઞાનના કારણે આત્માનું સાચું સ્વરૂપ ભુલાઈ જવાથી જીવ શરીર અને ઈન્દ્રિયોના દુઃખ-સુખમાં ફસાય છે. એને આત્માના સુખનો વિચાર આવતો નથી.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે અખંડ આકાશને જોવા માટે આપણી આંખોની આગળ ચાળણી રાખીએ તો અખંડ આકાશને બદલે આકાશના અલગ અલગ નાનાં ટપકાં દેખાય છે. આથી આપણે ઘડીભર એવું માનીએ છીએ કે આકાશ અખંડ નથી. ચાળણીને લીધે આપણામાં આવું અજ્ઞાન અને અન્યથા જ્ઞાન આવે છે.

તેવી રીતે જીવાત્મામાં અજ્ઞાનને લીધે અનેક દોષો આવે છે. અહંતા-મમતા જેવા દોષ આવે છે. અહંતા એટલે બધું હું કરું છું અને મમતા એટલે દુનિયામાં બધું મારું છે. આ વાત સાચી ન હોવા છતાં તેને સત્ય માનીને ચાલે છે.

આ સ્થિતિમાં જીવાત્માને જ્યારે પોતાના સ્વરૂપનું, જગતનું સંસારનું અને ભગવાનનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જ તે અલૌકિક ફળને પ્રાપ્ત કરી શકે છે અને ભવસાગરના બંધનમાંથી મુક્ત થઈ શકે છે.

શ્લોક : ૧૩ અને ૧૩$\frac{૧}{૨}$

ઉપાધિનાશે વિજ્ઞાને, બ્રહ્માત્મત્વાવબોધને ।
ગંગાતીરસ્થિતો યદ્વદ્ દેવતાં તત્ર પશ્યતિ ।।૧૩।।
તથા કૃષ્ણં પરંબ્રહ્મ, સ્વસ્મિન્ જ્ઞાની પ્રપશ્યતિ ।

શબ્દાર્થ :

ઉપાધિનાશે = ઉપાધિ (અવિદ્યા-અજ્ઞાન) નો નાશ થતાં; **વિજ્ઞાને** = વિશેષ જ્ઞાન થતાં; **બ્રહ્માત્મત્વ** = બ્રહ્મરૂપતાનો; **અવબોધને** = બોધ થતાં; **ગંગાતીરસ્થિતઃ** = ગંગાના કિનારે રહેલ જ્ઞાની ભક્ત; **યદ્વદ્** = જેમ; **દેવતાં** = દેવી સ્વરૂપને; **તત્ર** = ત્યાં; **પશ્યતિ** = જુએ છે (૧૩)

તથા = તેમ; **કૃષ્ણં** = કૃષ્ણને; **પરંબ્રહ્મ** = પરબ્રહ્મ; **સ્વસ્મિન્** = પોતાનામાં; **જ્ઞાની** = જ્ઞાની; **પ્રપશ્યતિ** = સારી રીતે જુએ છે. (૧ ૩$\frac{૧}{૨}$)

શ્લોકાર્થ :

જેમ ગંગાજીના કિનારે રહેલો જ્ઞાની ભક્ત જળમાં ગંગાજીના દેવી સ્વરૂપને જુએ છે, તેમ અવિદ્યાનો નાશ થતાં, જગત બ્રહ્મરૂપ છે એવું જ્ઞાન થતાં તે ભક્ત પોતાનામાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણને જુએ છે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી આ શ્લોકમાં સમજાવે છે કે જીવ ગમે તેટલું વાંચવા-સાંભળવા છતાં પોતાની ઈચ્છા કે બુદ્ધિથી તેની અવિદ્યાનો ત્યાગ કરી શકતો નથી. જ્યારે ભગવાનની ઈચ્છા થાય, ત્યારે જ જીવનો ઉધ્ધાર થાય છે. ભગવાન તે જીવને જેવું અલૌકિક ફળ આપવા ઈચ્છા કરે, તે પ્રકારના ધર્મમાર્ગ ઉપર જીવને ચાલતો કરે છે. તેથી કેટલાક જીવોને ભગવાન કર્મના માર્ગે ચલાવે છે, તો કેટલાકને જ્ઞાનના માર્ગે ચલાવે છે. આ બધા માર્ગો મર્યાદામાર્ગ કહેવાય છે, કારણ કે શાસ્ત્રમાં બતાવેલા એ માર્ગની મર્યાદામાં રહીને જ ભગવાન એ જીવોને ફળ આપે છે, જેમાં વધુમાં વધુ ફળ મોક્ષપ્રાપ્તિ છે.

જે જીવાત્મા ભગવાનને સૌથી વધુ વહાલો લાગે છે, તેને ગુરુની પ્રાપ્તિ કરાવી, તે દ્વારા બ્રહ્મસંબંધનું દાન કરાવી, અહંતા મમતામાંથી છોડાવી, ભગવાનમાં પ્રેમ કરાવે છે. આવા જીવની સર્વ અવિદ્યાનો સહજમાં નાશ થાય છે. તેને ભગવદ્ સ્વરૂપનું સહજ રીતે જ્ઞાન થાય છે. ભગવદ્ સ્વરૂપમાં અનાયાસ સ્નેહ પણ થઈ જાય છે. આવો જીવ પુષ્ટિભક્ત બની, પોતાનું સર્વસ્વ ભગવાનને સમર્પણ કરી, તેમની સેવામાં મન, વચન, કર્મથી તન્મય થઈ, માનસી સેવારૂપી ફળ પ્રાપ્ત કરે છે. એ ઉત્તમ ભક્ત છે.

શ્રીમહાપ્રભુજી હવે ચૌદમા શ્લોકની પ્રથમ પંક્તિમાં બીજી કક્ષાના ભક્તનું સ્વરૂપ બતાવે છે. તે છે જ્ઞાની ભક્ત. જ્ઞાની ભક્તને ભગવાન ગુરુના ઉપદેશ દ્વારા પોતાનું જ્ઞાન કરાવે છે. તેને સંસારની ઉપાધિમાંથી છોડાવે છે. તેની અવિદ્યાનો નાશ કરે છે. આવા જ્ઞાની ભક્તને જ્યારે બ્રહ્મનું જ્ઞાન થાય છે, ત્યારે તેને જગતમાં સર્વત્ર પુરુષોત્તમનાં દર્શન થાય છે.

આવા ભક્તની સ્થિતિ સમજાવવા શ્રીમહાપ્રભુજી એક દૃષ્ટાંત આપે છે. જેમ ગંગાજીનો ભક્ત ગંગાકિનારે રહી તેમની ભક્તિ કરતાં એવી બુદ્ધિ રાખે છે કે આ પ્રવાહમાં ગંગાજી બિરાજે છે, ત્યારે ગંગાજી એ ભક્તને પ્રવાહમાં પોતાના આધિદૈવિક સ્વરૂપનું દર્શન કરાવે છે, તેવી રીતે જ્ઞાની ભક્તને એવો અનુભવ થાય છે કે આ જગત અક્ષરાત્મક છે. અક્ષરબ્રહ્મ પુરુષોત્તમનું ધામ છે. તેમાં પરબ્રહ્મ પરમાત્મા બિરાજે છે.

શ્લોક : ૧૪/૧૫/૧૫$\frac{૧}{૨}$

સંસારી યસ્તુ ભજતે, સ દૂરસ્થો યથા તથા ॥૧૪॥
અપેક્ષિત જલાદીનામભાવાત્ તત્ર દુઃખભાક્ ।
તસ્માત્શ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુક્તઃ સર્વલોકતઃ ॥૧૫॥
આત્માનંદ સમુદ્રસ્થં, કૃષ્ણમેવ વિચિન્તયેત્ ।

શબ્દાર્થ :

સંસારી = જેમની અહંતા મમતા છૂટી નથી તેવી, **યઃ** = જે, **તુ** = તો, **ભજતે** = ભગવાનની સેવા કરે છે, **સઃ** = તે, **દૂરસ્થ**= દૂર દેશમાં રહેનાર ગંગાજીનો ભક્ત, **યથા** = જેમ, **તથા** = તેમ, (૧૪)

અપેક્ષિત = અપેક્ષા પ્રમાણે, **જલાદીનાં** = જળ વગેરેના, **અભાવાત્** = અભાવથી, **તત્ર** = ત્યાં, **દુઃખ ભાક્** = દુઃખ ભોગવે છે, **તસ્માત્** = તેથી, **શ્રીકૃષ્ણમાર્ગસ્થઃ** = શ્રીકૃષ્ણના માર્ગમાં રહેલાએ,

વિમુક્તઃ = વિશેષ કરીને મુક્ત થયેલો, **સર્વલોકતઃ** = સર્વલોકથી (૧૫)

આત્માનંદસમુદ્રસ્થં = આત્માનંદરૂપી સમુદ્રમાં બિરાજેલા, **કૃષ્ણં** = શ્રીકૃષ્ણનું, **એવ** = જ, **વિચિન્તતયેત** = ચિંતન કરવું, **લોકાર્થી** = લૌકિક વસ્તુઓ મેળવવાની ઈચ્છાવાળા, **ચેદ્** = જો, **કૃષ્ણં** = કૃષ્ણની, **ભજેત્** = સેવા કરે તો, **કિલષ્ટઃ** = ક્લેશવાળા, **ભવતિ** = થાય છે, **સર્વથા** = સર્વ રીતે (૧૬)

શ્લોકાર્થ :

જેમ ગંગાજીથી દૂર રહેનારો ભક્ત તેની અપેક્ષા પ્રમાણે ગંગાજળ વગેરેના અભાવથી દુઃખ ભોગવે છે, તેમ જેની અહંતા મમતા છૂટી નથી તેવો ભક્ત સેવા-સ્મરણ કરવા છતાં દુઃખ ભોગવે છે. તેથી શ્રીકૃષ્ણના શરણ-માર્ગમાં રહેલાએ, સર્વલોકથી વિશેષ કરીને મુક્ત થઈને, આત્માનંદરૂપી સમુદ્રમાં બિરાજેલા શ્રીકૃષ્ણનું જ ચિંતન કરવું. લૌકિક વસ્તુઓ મેળવવાની ઈચ્છાવાળા જો શ્રીકૃષ્ણની સેવા કરે, તો તેઓ સર્વ રીતે ક્લેશવાળા થાય છે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી પંદરમા શ્લોકમાં ત્રીજા પ્રકારના ભક્તનું સ્વરૂપ બતાવે છે. તે છે સંસારી ભક્ત. ગંગાજીનો કોઈ ભક્ત ગંગાકિનારાથી ઘણે દૂર રહી, ગંગાજીની ભક્તિ કરવા પ્રયત્ન કરે, ત્યારે તે ગંગાજળનું પાન અને ગંગાજળમાં સ્નાન કરી શકતો નથી. તેથી તે દુઃખી રહે છે. વળી તેને ગંગાજીમાં દેવી સ્વરૂપે દર્શન પણ થતાં નથી, તેથી તેને મનમાં ક્લેશ રહે છે. તેવી જ રીતે જે મનુષ્ય અહંતા - મમતામાં ડૂબેલો રહી સંસારભાવને છોડ્યા વિના ભગવાનની સેવા કરવા પ્રયત્નશીલ બને છે. તે સંસારી ભક્ત છે. આવો સંસારી ભક્ત અવિદ્યામાં ડૂબેલો હોય છે.

બીજી બાજુ તે ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છા ધરાવે છે, પરંતુ તેની અવિદ્યાને કારણે તેને ભગવાનનાં દર્શન થતાં નથી. આથી તેને જીવનમાં ક્લેશ અને દુઃખ જ મળે છે.

છતાં પણ આવો ભક્ત સેવા ચાલુ રાખે, તો કદાચ તેની સેવા તેના દોષોના કારણે પ્રભુએ અંગીકાર કરી ન હોય, તો પણ તે સેવા નિરર્થક જતી નથી. તેને આ જન્મે નહિ પણ બીજા જન્મે અથવા કોઈ એક જન્મે પ્રભુ કૃપા કરી સંસારમાંથી તેનું મન હટાવી પોતાનામાં જોડે છે. પોતાની સેવાનું અલૌકિક ફળ આપે છે. અલબત્ત સંસારી ભક્તને આ જન્મમાં એની સેવાનું ફળ મળતું નથી.

આથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પુષ્ટિજીવોએ આ વાત સમજી બ્રહ્મસંબંધને યાદ કરી, અહંતા મમતારૂપી સંસાર છોડી, શુદ્ધ પુષ્ટિમાર્ગીય બની, શ્રીઠાકોરજીની સેવામાં લાગી જવું. તેથી કોઈપણ પ્રકારના દુઃખનો સંભવ રહેશે નહિ.

શ્રીમહાપ્રભુજી સોળમા શ્લોકમાં ચોથા પ્રકારના ભક્તની વાત કરે છે. તે લોકાર્થી ભક્ત છે. તે અધમ અધિકારી છે. લોકાર્થી ભક્તનાં ચાર લક્ષણો ગણાવ્યાં છે. (૧) જે પોતાના લાભ અને પ્રતિષ્ઠા માટે સેવા કરતો હોય, (૨) જે દુન્યવી વસ્તુઓ મેળવવા માટે સેવા કરતો હોય, (૩) જે કુટુંબ-પરિવાર-મિત્રોમાં તન્મયતાવાળું મન રાખી, દેખાવ ખાતર ભગવાનની સેવા કરતો હોય (૪) જે બીજાઓની નજરમાં પ્રદર્શન માટે સેવા કરતો હોય. તે લોકાર્થી ભક્ત કહેવાય.

આવા ભક્તની ભક્તિ નિર્ગુણ ભક્તિ નથી. તેમાં દંભ, પાખંડ અને છળકપટ છે. તેની ભક્તિનું પ્રયોજન લૌકિક સુખ છે. કેટલાક લોકો દ્રવ્ય માટે, કેટલાક લોકો પોતાનાં અને પોતાના કુટુંબના અમુક દુઃખો દૂર કરવા, તો કેટલાક લોકો લૌકિક સુખ મેળવવા માટે સેવા કરે છે.

આ બધા લોકાર્થી ભક્તો છે. તેમને ભગવદ્ સેવાનો દિવ્ય આનંદ ક્યારેય મળતો નથી.

શ્લોક : ૧૬ અને ૧૬ ૧/૨

લોકાર્થીચેદ્ ભજેત્કૃષ્ણં કિલષ્ટો ભવતિ સર્વથા ।।૧૬।।
કિલષ્ટોપિ ચેદ્ ભજેત્કૃષ્ણં, લોકો નશ્યતિ સર્વથા ।

શબ્દાર્થ :

લોકાર્થી = લૌકિક વસ્તુઓ મેળવવાની ઈચ્છાવાળા; **ચેદ્** = જો, **કૃષ્ણં** = કૃષ્ણની, **ભજેત્** = સેવા કરે તો, **કિલષ્ટઃ** = ક્લેશવાળા, **ભવતિ** = થાય છે, **સર્વથા** = સર્વ રીતે

કિલષ્ટઃ = ક્લેશવાળા થવા છતાં, **અપિ** = પણ, **ચેદ્** = જો, **ભજેત્** = સેવા કરે, **કૃષ્ણં** = કૃષ્ણની, (તો) **લોકઃ** = અહંતા મમતાત્મક સંસારનો, **નશ્યતિ** = નાશ થાય છે, **સર્વથા** = સર્વ રીતે (૧૬)

શ્લોકાર્થ :

લૌકિક વસ્તુઓ મેળવવાની ઈચ્છાવાળા જો શ્રીકૃષ્ણની સેવા કરે, તો તેઓ સર્વ રીતે ક્લેશવાળા થાય છે. ક્લેશવાળા થવા છતાં પણ જો તેઓ શ્રીકૃષ્ણની સેવા કરે, તો તેમના અહંતા-મમતાત્મક સંસારનો સર્વ રીતે નાશ થાય છે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજી સિધ્ધાન્ત મુક્તાવલિ ગ્રંથના આ શ્લોકમાં સમજાવે છે કે જીવનમાં દુઃખો આવે ત્યારે ઉત્તમ ભક્ત શું કરે છે અને લૌકિક વસ્તુઓની ઈચ્છાવાળા - લોકાર્થી ભક્તો શું કરે છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે લૌકિક વસ્તુઓ મેળવવાની ઈચ્છાથી કોઈ ભક્ત કૃષ્ણની સેવા કરે તો તેને કૃષ્ણ મળતા નથી, પણ ક્લેશ જ મળે છે. જ્યારે ઉત્તમ ભક્તો દુઃખ આવવા છતાં પણ જો કૃષ્ણની સેવા કરે તો ભગવાન પ્રસન્ન થાય છે અને તેની અહંતા-મમતા છોડાવે છે.

શ્રીમહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથમાં પણ આ જ આજ્ઞા કરી છે. ભગવાન જ્યારે પ્રસન્ન થાય ત્યારે એ ભક્તને જગતમાં સ્વસ્થતાથી રહેવા દેતા નથી. તેને કદી લૌકિક વસ્તુઓ આપતા નથી. ઉત્તમ અધિકારી હોય એવા ભક્તને જ્યારે જીવનમાં લૌકિક દુઃખ આવે, ત્યારે એ ભક્ત દુઃખોને પ્રભુની કૃપા માની, આનંદ અનુભવે છે કે મારા પ્રભુ મારા ઉપર ખરેખર પ્રસન્ન થયા છે. પરંતુ લોકાર્થી ભક્તને જો જીવનમાં લૌકિક દુઃખ આવે તો તે મૂઢ બની જઈ, પોતાના લૌકિક સુખો માટે ભગવાન પાસે દુરાગ્રહ કરે છે. ત્યારે ભગવાન તેના ઉપર અપ્રસન્ન થઈ, તેને જગતમાં ક્લેશ-દુઃખ આપે છે. આમ લોકાર્થી ભક્ત લૌકિક ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે સેવા કરે તો તેને કૃષ્ણને બદલે ક્લેશ જ મળે છે.

કેટલીક વાર એવું બને કે લોકાર્થી ભક્તોને લૌકિકમાં ક્લેશ મળવાથી તેનામાં લૌકિક સુખો પ્રત્યે વિરક્તિનો ભાવ જાગે છે. કુટુંબ કે પરિવાર તરફથી અપમાન કે દુઃખ મળવાથી તેની સંસાર પ્રત્યેની આસક્તિ છૂટે છે. આવો ભક્ત જો પછી ભગવદ્ સેવામાં તત્પર બને તો ભગવાન કૃપા કરી, તેની અહંતા-મમતા છોડાવે છે.

શ્રીમહાપ્રભુજીએ આ રીતે સેવા કરનાર ભક્તોની કક્ષા અને સ્વરૂપ સમજાવ્યાં.

જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી, તિષ્ઠેત્પૂજોત્સવાદિષુ ।।૧૭।।

શબ્દાર્થ :

જ્ઞાનાભાવે (જ્ઞાન + અભાવે) = જ્ઞાનના અભાવમાં, પુષ્ટિમાર્ગી = પુષ્ટિમાર્ગીય ભક્તે, **તિષ્ઠેત્** = રહેવું, **પૂજોત્સવાદિષ** = (પૂજા + ઉત્સવ આદિષુ) જ્યાં સેવા, ઉત્સવ વગેરે થતાં હોય ત્યાં.

શ્લોકાર્થ :

મર્યાદા – પુષ્ટિમાર્ગીય ભકતે જ્ઞાનના અભાવમાં જ્યાં સેવા, ઉત્સવો વગેરે થતાં હોય એવા સ્થળે રહેવું.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજીએ આગળના શ્લોકમાં ભક્તોની કક્ષા અને સ્વરૂપ બતાવ્યાં છે. ઉત્તમ અધિકારી ભક્ત અને મધ્યમ અધિકારી ભક્ત. ઉત્તમ અધિકારી ભક્ત માટે આપે આજ્ઞા કરી હતી કે સદા તનુવિત્તજા સેવા કરતા રહો. તે પણ પ્રભુમાં અને સેવામાં ચિત્ત પરોવીને કરો.

હવે મધ્યમ અધિકારી માટેની વ્યવસ્થા આ પંક્તિમાં બતાવે છે. મધ્યમ અધિકારી ભક્ત બે પ્રકારના છે. પુષ્ટિમર્યાદા અને મર્યાદા. જેને ભગવદ્ સ્વરૂપનું જ્ઞાન નથી, તે મધ્યમ અધિકારી ભકત છે અથવા તે મધ્યમ મર્યાદામાર્ગીભક્ત છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જે મધ્યમ પુષ્ટિભક્ત છે તેણે જ્યાં ભગવદ્ સેવાનો પ્રકાર ચાલતો હોય, એવા સ્થાનમાં રહી, ત્યાં સેવા ઉત્સવ વગેરેમાં સંમિલિત થવું. જ્યારે જે મર્યાદામાર્ગીભક્ત છે, તેણે શ્રીભાગવતજીમાં મન પરોવી, ગંગાજીના કિનારે નિવાસ કરી, શ્રી ભાગવતજીનું પઠન કરવું.

શ્રીમદ્ ભાગવતમાં ઉધ્ધવજીએ ભગવાન શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો હતો કે કર્મયોગ તથા જ્ઞાનમાર્ગ ઘણા કઠિન છે. તેથી એવો રસ્તો બતાવો કે વિના મહેનતે આપની પ્રાપ્તિ થઈ શકે. તેના જવાબમાં ભગવાને આજ્ઞા કરી કે જીવે મારા ભક્ત બનીને રહેવું. તેણે તેનું તન અને મન મને સોંપવા. તે જે જે કાર્ય કરે તે મારું સ્મરણ કરીને, મારે માટે કરે. આવી રીતે ભક્ત રહે તો તેનું મન અને આત્મા પ્રસન્ન રહે છે. આવા ભક્તે જ્યાં ભક્તો વસતા હોય ત્યાં નિવાસ કરવો, જેથી ભક્તોનો સત્સંગ મળતાં ભક્તિ દઢ થાય. તેણે ભક્તોની સાથે મળી મહોત્સવમાં ખૂબ શ્રવણ, કીર્તન, નૃત્ય, ગુણગાન કરવાં. તેણે એવી શ્રધ્ધા રાખવી કે પ્રાણીમાત્રના હૃદયમાં હું રહેલો છું. પ્રાણીમાત્રને ભગવાનના ભાવથી સત્કારવા. જ્યાં સુધી આવો ભગવદ્‌ભાવ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી મન, વાણી અને શરીરથી ભગવદ્ સેવા કરવી. જે માણસ પ્રભુને સેવે છે તેની બુદ્ધિ અને ચતુરાઈ સાચી, તે સિવાયની બુદ્ધિ અને ચતુરાઈ નકામી.

શ્લોક : ૧૮

મર્યાદાસ્થસ્તુ ગંગાયાં, શ્રીભાગવત તત્પરઃ ।
અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે, નિયામક ઈતિ સ્થિતિઃ ।।૧૮।।

શબ્દાર્થ :

મર્યાદાસ્થઃ=મર્યાદામાર્ગીભક્તે; **તુ**=તો; **ગંગાયાં**=ગંગા કિનારે રહેવું; **શ્રીભાગવત તત્પરઃ**=શ્રી ભાગવત પરાયણ થઈને; **અનુગ્રહઃ**=કૃપા; **પુષ્ટિમાર્ગે**=પુષ્ટિમાર્ગમાં; **નિયામક**=નિયામક છે; **ઈતિ**=એવી; **સ્થિતિ**=વ્યવસ્થા છે.

શ્લોકાર્થ :

મર્યાદામાર્ગીય ભક્તે શ્રીભાગવતપરાયણ થઈને ગંગાજીના કિનારે રહેવું. પુષ્ટિમાર્ગમાં ફક્ત કૃપા જ નિયામક છે, એવી વ્યવસ્થા છે.

વિવેચન :

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી મર્યાદામાર્ગીભક્ત માટે ગંગાકિનારે રહી, શ્રીમદ્ ભાગવતમાં તત્પર રહેવાની આજ્ઞા કરે છે. પરીક્ષિત અને વિદુરજી જેવા મર્યાદાભક્તોને આ પ્રકારથી જ્ઞાન પ્રાપ્ત થતાં, તેમની અવિદ્યાનો નાશ થયો હતો. તેમને મોક્ષ પ્રાપ્તિ થઈ હતી.

વળી જે શુદ્ધપુષ્ટિ, પુષ્ટિ પુષ્ટિ અને પુષ્ટિ મર્યાદા જીવ છે, તેમને સેવા દ્વારા માનસી સેવા અવશ્ય સિધ્ધ થાય છે, પરંતુ જે કેવળ મર્યાદાભક્ત છે, તેમને માનસી સેવારૂપી ફળ મળતું નથી. તેમને મોક્ષરૂપી ફળ મળે છે.

શ્રીમહાપ્રભુજી અહીં એમ સમજાવે છે કે જ્ઞાનમાર્ગથી ભક્તિમાર્ગ અધિક છે, કારણ કે જ્ઞાનથી મોક્ષ મળે છે. ભક્તિમાર્ગ સુગમ છે. જ્ઞાનમાર્ગ ક્લેશદાયક છે. પરંતુ એકલો ભક્તિમાર્ગ પૂર્ણ નથી. ભક્તિમાર્ગ માટે પ્રારંભમાં ભગવદ્ સ્વરૂપના જ્ઞાનની આવશ્યકતા છે. જે પુષ્ટિભક્ત ભગવદ્ સ્વરૂપના માહાત્મ્યને જાણીને સેવા દ્વારા પ્રભુમાં પોતાનો સ્નેહ સુદૃઢ કરે છે, તેને કંઈ પણ કરવાનું બાકી રહેતું નથી. જે કોઈ જીવ ભગવાનના ધામમાં રહેતો હોય, છતાં તેને ભગવાનમાં બુદ્ધિ અને ભક્તિ ઉત્પન્ન ન થાય અને તે સાધારણ લૌકિક બુદ્ધિથી વેદશાસ્ત્રની નિંદા કરે, પરસ્ત્રીગમન જેવા અપરાધ કરે, વિદ્વાન ભગવદ્ભક્ત બ્રાહ્મણો તરફ ઈર્ષ્યા અને દ્વેષ રાખે, વેદથી વિરૂધ્ધ આચરણ કરે, તો તે આરૂઢપતિત થાય છે એટલે કે તેને હીન યોનિમાં જન્મ લેવો પડે છે. જ્ઞાનથી સર્વ કર્મો અને દોષોનો નાશ થાય છે, પરંતુ દુષ્ટ કર્મથી જ્ઞાનનો નાશ થાય છે. માટે પુષ્ટિભક્તે ભગવદ્ ધામમાં રહીને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે ભગવત્સેવા કરતાં પોતાનું આચરણ અને ભક્તિ શુદ્ધ રાખવાં. જે ભક્તિથી ભ્રષ્ટ થાય છે, તે આરૂઢપતિત બને છે.

શ્લોક : ૧૯

ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ ।
જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ, એવં તસ્માન્નિરૂપિતઃ ॥૧૯॥

શબ્દાર્થ :

ઉભયઃ = બંનેને; **તુ** = ચોક્કસ; **ક્રમેણ** = ક્રમપૂર્વક; **એવ** = જ; **પૂર્વોક્તા** = પૂર્વે કહેલી (કૃપા); **એવ** = જ; **ફલિષ્યતિ** = સિધ્ધ થશે; **જ્ઞાનાધિકઃ** = જ્ઞાનમાર્ગથી અધિક છે; **ભક્તિમાર્ગ** = ભક્તિમાર્ગ; **એવમ્** = એ પ્રકારે; **તસ્માત્** = તેથી; **નિરૂપિતઃ** = નિરૂપણ કરેલું છે.

શ્લોકાર્થ :

ભક્ત અને જ્ઞાની બંનેને ક્રમપૂર્વક આગળ કહી તેવી કૃપા સિધ્ધ થશે. આમ, ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગથી ઉત્તમ છે. તેથી એ પ્રકારે (તનુ વિત્તજા) સેવા અને ફલરૂપા માનસી સિધ્ધ થશે) તેવું નિરૂપણ કરેલું છે.

સમજૂતિ :

શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથના ૧ થી ૧૮ શ્લોકોમાં પુષ્ટિમાર્ગના વેદસંમત સિધ્ધાંતો સમજાવ્યા. ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ વિશે સમજાવી એ પણ બતાવ્યું કે જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ ઉત્તમ છે. ભક્તિના માર્ગે જેઓ ચાલશે એટલે કે પ્રભુની તનુવિત્તજા સેવા કરશે, તેમને ફલરૂપા માનસી સેવા સિધ્ધ થશે. ભક્તનું એકમાત્ર કર્તવ્ય ભગવાનની સેવા છે. આવું જ્ઞાન જ્યારે થાય ત્યારે જીવ અવશ્ય કૃતાર્થ થાય છે. તેને પ્રભુના પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

આથી જ સેવા અંગે આપણા મનમાં જો કોઈ ગેરસમજ હોય, શંકા હોય તો તેનો સત્વરે ત્યાગ કરી, આપણું બાકીનું જીવન વ્યર્થ ન જાય તે માટે સ્વગૃહમાં શ્રીઠાકોરજી પધરાવી, આપણી અને આપણા

પરિવારની સંપત્તિનું શ્રીઠાકોરજીને સમર્પણ કરી, પરિવાર સાથે ભગવત્સેવામાં લાગી જવાનું છે. આ સિવાય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તરીકે આપણું બીજું કોઈ કર્તવ્ય નથી. સેવા એ જ એકમાત્ર કર્તવ્ય છે, એ વાત દઢતાથી સમજી લેવાની છે.

શ્લોક : ૨૦/૨૧

ભકત્યભાવે તુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સર્વકર્મભિઃ ।
અન્યથાભાવમાપન્નસ્તસ્માત્સ્થાનાચ્ચ નશ્યતિ ॥૨૦॥
એવં સ્વશાસ્ત્રસર્વસ્વં, મયા ગુપ્તં નિરૂપિતમ્ ।
એતદ્ બુધ્ધવા વિમુચ્યેત પુરુષઃ સર્વસંશયાત્ ॥૨૧॥

શબ્દાર્થ :

ભક્ત્યભાવે (ભક્તિ + અભાવે) = ભક્તિના અભાવમાં, **તુ** = તો, **તીરસ્થઃ** = ગંગાકિનારે રહેલો, **યથા** = જેમ, **દુષ્ટૈઃ** = દુષ્ટ, **સ્વકર્મભિઃ** = પોતાનાં કર્મોથી, **અન્યથાભાવં** = પાખંડીપણાને, **આપન્નઃ** = પ્રાપ્ત થયેલો, **તસ્માત્** = તે, **સ્થાનાત્** = તીર્થસ્થાનથી, **ચ** = પણ, **નશ્યતિ** = નાશ પામે છે. (૨૦)

એવં = આ પ્રકારે, **સ્વશાસ્ત્ર-સર્વસ્વંઃ** = પોતાના શાસ્ત્રના સર્વ સિધ્ધાંતનું, **મયા** = મેં, **ગુપ્તં** = ગુપ્ત, **નિરૂપિતમ્** = નિરૂપણ કર્યું છે. **એતદ્** = તેને, **બુધ્ધવા** = જાણીને, **વિમુચ્યેત** = મુક્ત થવું, **પુરુષ** = મનુષ્યે, **સર્વ-સંશયાત્** = સર્વ શંકાઓથી (૨૧)

શબ્દાર્થ :

જેમ ગંગાકિનારે રહેલ માણસ ભક્તિના અભાવમાં પોતાનાં દુષ્ટ કર્મોથી પાખંડીપણાને પામે, તો તે તીર્થસ્થાનમાં રહેવા છતાં નાશ પામે છે (તેમ ભગવદ્ સ્થાનમાં રહી ભક્તિ ન કરનાર પતિત થાય છે. (૨૦)

આ પ્રકારે મેં (શ્રી વલ્લભાચાર્યજીએ) પોતાના શાસ્ત્રના સર્વ ગુપ્ત સિધ્ધાંતોનું નિરૂપણ કર્યું છે. તેને જાણીને મનુષ્યે સર્વ શંકાઓથી મુક્ત થવું. (૨૧)

સમજૂતિ

આ સિધ્ધાન્ત મુક્તાવલી ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગના મુખ્ય સિધ્ધાંતને સમજાવતાં આજ્ઞા કરી કે કૃષ્ણસેવા સદાકાર્યા. હંમેશા શ્રીકૃષ્ણની સેવા કરવી. સેવા કેવી રીતે કરવી તે પણ સમજાવ્યું. તનુવિત્તજા એટલે કે આપણા શરીરથી અને આપણા દ્રવ્યથી સેવા કરવી. આવી સેવા કરતાં કરતાં જેમ જેમ મન પ્રભુમાં લાગતું જાય, તેમ તેમ સેવા સિધ્ધ થતી જાય છે. મન જ્યારે પૂરેપૂરું પ્રભુમાં લાગે ત્યારે માનસી સેવા સિધ્ધ થાય. માનસી સેવાને શ્રેષ્ઠ કહી છે, પણ તેનો ઉપદેશ વાણીથી કરી શકાતો નથી. કોઈને એમ કહી શકાય નહિ કે તમે માનસી સેવા કરો. કારણ કે માનસી સેવા આપણા પ્રયત્નથી થતી નથી. પ્રભુમાં ચિત્ત પૂરેપૂરું તન્મય થતાં માનસી સેવા આપોઆપ થવા લાગે છે.

માટે શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમાં તનુવિત્તજા સેવા કરવાની મુખ્ય આજ્ઞા કરી. સાથે સાથે સેવાનો અર્થ પણ બતાવ્યો કે ચિત્ત પ્રભુમાં ઓતપ્રોત થઈ જાય એ સેવા છે. આવી મનની ભાવસ્થિતિ બનતાં માનસી સેવા સિધ્ધ થાય છે. માનસી સેવાની સિધ્ધિ માટે તનુ-વિત્તજા સેવા સદા-સતત કરવી જરૂરી છે.

તનુવિત્તજા સેવા દ્વારા જ મન ભગવાનમાં લાગી શકે છે. કેવળ એક ખૂણામાં બેસીને સેવાનો વિચાર કરવાથી મન ભગવાનમાં લાગી શકતું નથી. જ્યારે સેવા કરતાં કરતાં આપણા ચિત્તની સ્થિતિ એવી થાય કે આપણને જગતની વ્યક્તિઓમાં, વસ્તુઓમાં કે વિચારોમાં કોઈ મોહ કે ખેંચાણ ન રહે, આપણી બધી આસક્તિ છૂટી જાય, સેવા સિવાય

આજુ બાજુ ની કોઈ બાબતનું ધ્યાન ન રહે, ત્યારે જાણવું કે મન ભગવાનમાં ચોંટી ગયું છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માનું મનોહર સ્વરૂપ મનમાં સ્થિર થાય તે માટે તેમની સેવા કરવી. આપણી ઈન્દ્રિયોને નિષ્કામ ભાવે ભગવાન સાથે જોડવા તનુવિત્તજા સેવા જરૂરી છે. આપણી સર્વ ઈન્દ્રિયોથી સેવા થવી જોઈએ. આવી સેવા માટે દ્રવ્ય મેળવવું પડે. દ્રવ્ય મેળવવામાં પણ ઈન્દ્રિયોનો ઉપયોગ કરવો પડે છે. જો ઈન્દ્રિયો દ્રવ્ય મેળવવાની વૃત્તિમાં ડૂબી જાય તો તે પ્રભુમાં લાગી શકતી નથી.

તેથી જે કંઈ દ્રવ્ય સહજ રીતે મળે તેનો ઉપયોગ કરીને સર્વ ઈન્દ્રિયો દ્વારા ભગવત્સેવા કરવાનો ઉપદેશ આપશ્રીએ આપ્યો છે. માટે જ શ્રીમહાપ્રભુજીએ શરીર અને ધન બંનેને સેવામાં જોડ્યાં છે. તનુ-વિત્તજા સેવાથી જ પરમ ભક્તિયોગ સિધ્ધ થાય છે.

શ્રીગુસાંઈજીએ આ વાત સમજાવતાં કહ્યું છે કે સેવા આપણા શરીરથી કરવી. દ્રવ્ય આપીને નોકરની પાસે સેવા ન કરાવવી. એવી રીતે બીજાનું દ્રવ્ય લઈને કેવળ તનુજા સેવા પણ ન કરવી. નોકર ચાકર પાસે સેવા કરાવવાથી આપણને માનસી સેવાનું ફળ પ્રાપ્ત થાય એવું શ્રીમહાપ્રભુજીએ પોતાના ઉપદેશથી કે વર્તનથી શીખવ્યું નથી. માટે સેવા જાતે જ કરવી, બીજા પાસે કરાવવી નહિ.

કોઈ એમ કહે કે આપણે જ્યારે તનુવિત્તજા સેવા સરખી રીતે કરતા નથી. ત્યારે આપણને માનસી સેવા રૂપી ફળ મળતું નથી, તો પછી તનુવિત્તજા સેવા કરવાથી શું લાભ?

શ્રીગોકુલનાથજી આના સંદર્ભમાં સમજાવે છે કે શ્રીમહાપ્રભુજીના વચનમાં વિશ્વાસ રાખીને તેમણે બતાવેલ રીત પ્રમાણે તનુવિત્તજારૂપી સાધન સેવા શ્રધ્ધાપૂર્વક કરવામાં આવે તો શ્રીમહાપ્રભુજીની વાણીનું ફળ જરૂર પ્રાપ્ત થાય. માનસી સેવાનો અધિકાર અને ફળ જરૂર મળે. કોઈપણ પ્રકારની સેવા કે ભક્તિ ન કરનાર પતિત થાય છે.

છેલ્લા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ ગ્રંથમાં મેં શાસ્ત્રોમાં ગુપ્ત રીતે રહેલા સર્વ સિધ્ધાંતોનું નિરૂપણ કર્યું છે. તે જાણીને-સમજીને ભક્તિમાર્ગ અને સેવા સંબંધી સર્વ શંકાઓથી મુક્ત થવું. આનંદપૂર્વક પ્રભુની સેવામાં જોડાવું.

(સંપૂર્ણ)

SIDHDHANT MUKTAVALI

कामचारस्तुलोकेऽस्मिन, ब्रह्मादिभ्योनचान्यथा ।
परमानंदरूपेतु, कृष्णेस्वात्मनिनिश्चयः ।।११।।

Meaning of words:

Kaamchaarah = Rewards/luxuries as wished by worshippers, **Tu** = Only/that. **Loke** = In the world, **Asmin** = This, **Brahmadibhyoh** = By Brahmaji and others, **Na** = Not, **Anyatha** = By other means. **Parmanand-roope** = Form of Parmanand (Ultimate Bliss), **Tu**= Only, **Krushne** = In Shri Krishna, **Swaatmani** = For own soul, **Nischay** = For sure. Parmanand (ultimate bliss).

Meaning of the verse :

Worshippers get their desired rewards/luxuries in this world from Brahma and other deities. It is not received by any other means. Devotees certainly get ultimate bliss for their souls from Shri Krishna.

COMMENTRY:

Shri Mahaprabhuji explains in this verse that deities like Brahma, Vishnu, and Mahesh do fulfil desires of their worshippers. They grant them their desired things. Though, these deities give worldly rewards as inspired by Bhagwan dwelling in them.

Bhagwan says in Geetaji that on pleasing deities by performing *yagna* these deities give desired rewards. Such worshippers go to the land (domain) of respective deities worshipped by them. Such deities are unable to give anything more than the worldly rewards. Story of King Muchukand is narrated in the scriptures, Lords of heaven were pleased on him. King Muchukund asked for emancipation (*moksh*) then they said we are not empowered to give emancipation. This shows that these deities are not able to give divine rewards like emancipation and joy of His form (*swaroopananad*).

Therefore, Shri Mahaprabhuji guides us that no deity can grant our *aatm-kamana*. *Aatm-kamana* or desire of our soul means gaining of ultimate bliss. Only Shri Krishna, who is ultimate bliss personified and the perfect person, is able to grant ultimate bliss. Therefore, those desiring ultimate bliss should worship Shri Krishna exclusively focussing mind in Him.

Bhagwan meets only those devotees whom He decides to grant (donate) joy of worship (*bhajananand*). *Pushtimargiya* devotees need to understand this well. They are beings of eternal *lila*. Bhagwan has gracefully become eager to donate joy of worship to them. Incarnation of Shri Mahaprabhuji is for that purpose only.

Devotees of *PushtiMarg* have to make firm resolve that their means and rewardare nothing else but Bhagwan Krishna. Shri Krishna is one and only. May that matchless Prabhu dwell in our hearts and give us the joy of His form. Pushti beings cannot and should not have any other desire. All the desires connected with the comfort/happiness of Prabhu made by a *pushti* being are definitely fulfilled by Him.

Thus, Shri Mahaprabhuji in this 11th verse explains the reason why he has instructed to worship Krishna in the 1st verse. Let us understand it again in brief.

Lord of the entire universe is *ParBrahmParmatma* (supreme-soul) Shri Krishna only. *AksharBrahm* emanated from Him. The world took birth from *AksharBrahm*. All things animate and inanimate of the world were produced from *AksharBrahm*.

For creation, preservation and destruction of the world Bhagwan has created three semi gods as His partial beings (*ansh*). He has assigned those duties to them (one to each). These semi gods give worldly rewards to those who worship them. Those *pushti* beings, who worship Shri Krishna with exclusive sentiments (*ananyabhave*) fully surrendering to Him, get the ultimate reward of His own total bliss. This is the reason why Shri Mahaprabhuji has instructed in

the 1st verse "*Krishnaseva sadakarya*"(Always worship Shri Krishna)

अतस्तुब्रह्मवादेन कृष्णेबुद्धिर्विधीयताम् ।
आत्मनिब्रह्मरूपेहि, छिद्राव्योम्निवचेतनाः ।।१२।।

Meaning of words:

Atah= Therefore, That's why. **Tu** = Only***Brahm*vaaden**= Understanding that everything is *Brahm*, **Krushne** = in Krishna, **Budhdhi** = intellect, **Vidheeyataam** = should be well kept, **Atmani** = in soul, **Brahmroope** = as a fraction/part of *Brahm*, **Hi** = only, **Chhidra** = holes, **Vyomni** = in the sky, **Iva** = in that way, similarly, **Chetna** = intellect.

Meaning of the verse:

Therefore, understanding that everything is *Brahm*, intellect should be well kept in Shri Krishna. When seen through a sieve, sky appears fragmented in to many small pieces. Similarly, on not realizing that the being is a fragment of *Brahm* many faults are seen in the world which really is a (another) form of *Brahm*.

COMMENTRY:

We are learning the third of the sixteen hymns (SodashGranths) created by Shri Mahaprabhuji. Shri Mahaprabhuji has explained here *Pushtimarg's* principle of worship (*seva*) very well. He has explained in the previous 11 verses that as by giving water to the roots of a tree the entire tree remains green, worshiping Shri Krishna, the root/base of everything, covers worship of everyone else. Omnipotent Bhagwan fulfils all the desires of such a devotee. So *pushtimargiya vaishnavs* should not leave root-like Shri Krishna aside and worship others who are like branches of the tree. Only *parbrahm* Krishna dwells in *aksharbrahm* as well as this world. So, we should have only His shelter, keeping our intellect firmly rooted in Him.

Thus after explaining forms of *brahm*, *akshabrahm* and the world, Shri Mahaprabhuji explains form of the being (*jeevatma*) in this verse.

Being (*jeeva*) is in the form of an atom (*anu*). *Chid* fraction of *parmatama* is predominant in that being. It is separated from *aksharbrahm*. Just as sparks come out of fire, the being has emanated from *aksharbrahm*.A spark shines for a moment and then turns in to coal, in the same way,a being is lost in the darkness ofperverted knowledge *(avidya)* and ignorance (*agyan*) on extinction of bliss (*anand*) portion of *parmatma*. This has caused bonds of worldly-ocean (*bhavsagar*). Because of perverted knowledge *(avidya)* it has assumed that this body, senses/organs, *prana* and *antakaran* are the real soul (*atma*) and it has to live for that only. Due to such ignorance being gets entrapped (caught) in pain & pleasures of the body and senses/organs. This prevents him from thinking about the bliss of *atma*.

Shri Mahaprabhuji explains that when we see the sky through a sieve we see the sky as many small dots so momentarily we believe that the sky is not whole/ entire. Such ignorance or different knowledge is caused due to sieve.

Similarly, because of ignorance (*agyan*) many frailties are acquired by the being. These include egotism and attachment (*ahamata-mamata*). Egotism or vanity means a false belief that "I am the doer everything" and attachment or my-ness means such false belief that everything in this world belongs to me. This is not the truth yet the being proceeds believing it to be the truth.

Under the circumstances, only when the being gets true knowledge of its own form, world & worldly matters it is able to get the divine (*alaukik*) rewards and is freed (emancipated) from worldly-ocean (*bhavsaagar*)

उपाधिनाशे विज्ञाने, ब्रह्मात्मत्वावबोधने ।
